# કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદ

**ગુજરાત વિધાનસભા : પંદરમી વિધાન સભાનું પાંચમું સત્ર**

**નિયમોના નિયમ–૧૧૬ હેઠળની તાકીદ પ્રશ્ન :**

તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ વગેરે જિલ્લાઓમાં કપાસ અને મગફળીના પાકને વ્યાપક નુકસાન થયેલ છે. તેના પરિણામે ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાયેલ છે. આથી ખેડૂતોમાં ફેલાયેલ ચિંતાની લાગણી દૂર કરવા સર્વેની કામગીરી તાત્કાલિક હાથ પર લઈ અસરગ્રસ્ત ખેડૂતોને વળતર ચૂકવવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલા પગલાંઓ

**પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી :** ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા (દેવાભાઈ માલમ, અરવિંદભાઈ લાડાણી અને અર્જુનભાઈ મોઢવાડીયા)

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ: ૨૧/૦૮/૨૦૨૪**

# પૂરક પ્રશ્નોની અનુક્રમણિકા


| અ.નં. | વિગત | પેજ નં. |
|---|---|---|
| | | |
| ૧ | ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદનો પત્ર | ૧ |
| ૨ | માન. મંત્રીશ્રી (કૃષિ) નું નિવેદન | ૨-૪ |
| ૩ | રાજ્યમાં પાક પરિસ્થિતી અને વરસાદ અંગેની ટૂંકી નોંધ | ૫ |
| ૪ | રાજ્યમાં વિવિધ કુદરતી આપત્તિઓને કારણે થતાં નુકશાન માટે સહાય ચૂકવવાના ધોરણો બાબતે ટૂંકી નોંધ | ૬-૭ |
| ૫ | તાજેતરમાં જુલાઇ માસમાં પડેલ ભારે વરસાદના કારણે જુનાગઢ જિલ્લામાં પાક નુકશાન સર્વેની કામગીરી હાથ ધરાયેલ છે કે કેમ? | ૮ |
| ૬ | રાજ્યમાં કઇ કઇ કુદરતી આપત્તીઓથી થતાં પાક નુકશાન માટે ખેડૂતોને સહાય મળે છે? | ૯ |
| ૭ | છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં કુદરતી આપત્તીના કારણે થયેલ પાક નુકશાન અંતર્ગત કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | ૧૦ |
| ૮ | કુદરતી આપત્તીના ઘટનાના કારણે થયેલ પાક નુકશાનીમાં SDRF હેઠળ કેટલી સહાય મળવાપાત્ર થાય છે? | ૧૧ |

ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ ૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રી(કૃષિ)નું ધ્યાન દોરતી સભ્યશ્રી ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (દેવાભાઈ માલમ, અરવિંદભાઈ લાડાણી અને અર્જુનભાઈ મોઢવાડીયા)ની સૂચના એટલે કે :-

"તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ વગેરે જિલ્લાઓમાં કપાસ અને મગફળીના પાકને વ્યાપક નુકસાન થયેલ છે. તેના પરિણામે ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાયેલ છે. આથી ખેડૂતોમાં ફેલાયેલ ચિંતાની લાગણી દૂર કરવા સર્વેની કામગીરી તાત્કાલિક હાથ પર લઈ અસરગ્રસ્ત ખેડૂતોને વળતર ચૂકવવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલા પગલાંઓ"

---

માન.મંત્રીશ્રી(કૃષિ)નું નિવેદન: તા.૨૧/૦૮/૨૦૨૪

---

કપાસ અને મગફળીના પાકને વ્યાપક નુકસાન અંગેની વિગતો:-

**ભારે વરસાદ અંગે પ્રાથમિક માહિતી**

તાજેતરમાં જુલાઇ-૨૦૨૪ માસના બીજા પખવાડીયામાં તા.૧૮/૦૭/૨૦૨૪ થી તા.૨૪/૦૭/૨૦૨૪ દરમિયાન જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લાના કુલ ૧૬ તાલુકાઓમાં સતત એકધાર્યો વરસાદ નોંધાયેલ હતો. આ ઉપરાંત આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાઓમાં આ સમયગાળા દરમ્યાન ભારે વરસાદ નોંધાયેલ હતો.

જૂનાગઢ જિલ્લાના આઠ તાલુકાઓમાં (જૂનાગઢ, કેશોદ, માળીયા, માણાવદર, માંગરોળ, મેંદરડા, વંથલી અને જૂનાગઢ સીટી), પોરબંદર જિલ્લાના ત્રણ તાલુકાઓમાં (પોરબંદર, કુતિયાણા અને રાણાવાવ), દેવભૂમિ દ્વારકા જિલ્લાના ત્રણ તાલુકાઓમાં (દ્વારકા, ખંભાળીયા અને કલ્યાણપુર) અને રાજકોટ જિલ્લાના બે તાલુકાઓમાં (ઉપલેટા અને ધોરાજી) એમ મળીને કુલ ૧૬ તાલુકાઓમાં સતત એકધાર્યો વરસાદ નોંધાયેલ છે. તા.૨૪.૦૭.૨૦૨૪ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં ૧૨૦૭ મી.મી (૧૧૯.૭૧%), પોરબંદર જિલ્લામાં ૯૭૫ મી.મી. (૧૨૧.૩૦%), દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૦૯૦ મી.મી. (૧૪૧.૮૦%) અને રાજકોટ જિલ્લામાં ૪૧૫ મી.મી. (૫૭.૬૧%) વરસાદ નોંધાયેલ હતો.

## ખરીફ ૨૦૨૪ માં જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લામાં થયેલ મુખ્યપાકોના વાવેતર વિસ્તારની માહિતી

જુલાઇ માસના અંત સુધીમાં જૂનાગઢ જિલ્લામાં કુલ ૩,૧૭,૪૭૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ. જેમાં મુખ્ય ખરીફ પાકો જેવા કે મગફળી પાકનું ૨.૦૯ લાખ, કપાસ પાકનું ૩૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. પોરબંદર જિલ્લામાં કુલ ૧,૧૧,૩૮૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. જેમાં મુખ્યત્વે મગફળી પાકનું ૭૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૨,૩૫,૨૩૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે .જેમાં મુખ્યત્વે મગફળી પાકનું ૨.૧૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. રાજકોટ જિલ્લામાં કુલ ૫,૧૦,૮૪૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે .જેમાં મુખ્ય ખરીફ પાકો જેવા કે મગફળી પાકનું ૨.૬૮ લાખ, કપાસ પાકનું ૧.૮૩ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે .

### ભારે વરસાદ અન્વયે ખેતી અને બાગાયતી પાકોને થયેલ અસર

જુલાઇ માસ દરમિયાન મોટા ભાગના પાકો સ્કુરણ/ઉગાવા/વાનસ્પતિક વૃદ્ધિ અવસ્થાએ હતા. શરૂઆતના તબક્કામાં ખેડૂતો દ્વારા બિયારણ ખર્ચ, રાસાયણિક ખાતર ખર્ચ, વાવણી ખર્ચ જેવા ઇનપુટ ખર્ચ કરવામાં આવતા હોય છે. ખરીફ ઋતુની શરૂઆતમાં ભારે વરસાદને કારણે પાક નુકસાન જોવા મળેલ છે. આવા કિસ્સામાં જો વાવેતર નિષ્ફળ જાય તો બીજા પાક લેવાની ખેડૂતો જોડે શક્યતા રહેલી હોય છે. તેથી આ તબક્કાના પાક નુકસાનમાં ખેડૂતોને બિયારણ ખર્ચ, રાસાયણિક ખાતર ખર્ચ, વાવણી ખર્ચ જેવા ઇનપુટ ખર્ચનું નુકસાન થતું હોય છે.

### ભારે વરસાદ અન્વયે લેવામાં આવેલ પગલાં

જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લામાં તા.૨૦/૦૮/૨૦૨૪ સુધીમાં થયેલ વાવેતર પૈકી ૩,૫૮,૩૪૮ હેક્ટર વિસ્તાર વરસાદથી અસરગ્રસ્ત થયેલ હતો. જેમાં જુનાગઢ જિલ્લામાં ૧,૯૯,૭૫૮ હેક્ટર, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૧,૯૨૫ હેક્ટર, પોરબંદર જિલ્લામાં ૮૪,૧૨૦ હેક્ટર અને રાજકોટ જિલ્લામાં ૨૫,૨૩૪ હેક્ટરમાં સરવે પૂર્ણ થયેલ છે. હાલના તબક્કે જૂનાગઢ જિલ્લામાં ૬૪, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૧, પોરબંદર જિલ્લામાં ૨૨ અને રાજકોટ જિલ્લામાં ૮ એમ કુલ ૧૦૫ ટીમોની રચના કરી કુલ ૧૬ તાલુકાઓમાં વિગતવાર સર્વેની કામગીરી હાથ

ધરવામાં આવેલ છે. જૂનાગઢ, રાજકોટ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં ખેતરોમાં વરસાદના પાણી લાંબા સમય સુધી ભરાયેલા હોઈ સર્વેની કામગીરી ચાલુ છે. જેમાં જુનાગઢ જિલ્લામાં ૩૫૯ ગામોમાં, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૯૦ ગામોમાં, પોરબંદર જિલ્લામાં ૧૫૨ ગામોમાં અને રાજકોટ જિલ્લામાં ૩૦ ગામોમાં સરવે પૂર્ણ થયેલ છે. વિગતવાર સર્વેમાં નોંધપાત્ર પાક નુકસાની જણાયેથી રાજ્ય સરકારશ્રી દ્વારા પાક નુકસાન અંગે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાઓમાં તા.૨૦/૦૮/૨૦૨૪ સુધીમાં થયેલ વાવેતર પૈકી ૪૮,૧૬૯ હેક્ટર વિસ્તાર વરસાદથી અસરગ્રસ્ત થયેલ છે. આણંદ જિલ્લામાં ૧૯૧ હેક્ટર, ભરૂચ જિલ્લામાં ૩૯,૦૦૨ હેક્ટર, સુરત જિલ્લામાં ૫૨૦૨ હેક્ટર, નવસારી જિલ્લામાં ૨૩૬૨ હેક્ટર અને તાપી જિલ્લામાં ૧૪૧૨ હેક્ટરમાં સરવે પૂર્ણ થયેલ છે. હાલના તબક્કે આણંદ જિલ્લામાં ચાર, ભરૂચ જિલ્લામાં ૮૯, સુરત જિલ્લામાં ૧૭, નવસારી જિલ્લામાં ૩૧ અને તાપી જિલ્લામાં ૨૬ એમ કુલ ૧૬૭ ટીમોની રચના કરી કુલ ૨૯ તાલુકાઓમાં પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિગતવાર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આણંદ જિલ્લામાં ૦૪ ગામોમાં, ભરૂચ જિલ્લામાં ૫૦૯ ગામોમાં, સુરત જિલ્લામાં ૪૦૮ ગામોમાં, નવસારી જિલ્લામાં ૧૯૯ ગામોમાં અને તાપી જિલ્લામાં ૧૪૩ ગામોમાં સરવે પૂર્ણ થયેલ છે. જે અંગે આખરી અહેવાલ મળ્યેથી પાક નુકસાની સહાય અંગે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**ભાવિ આયોજન**

હાલમાં, કુદરતી આપતિને લીધે ખેતી પાકોમાં નુકસાન થાય તો સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૫ તેમજ તા.૧૦/૧૦/૨૦૨૩ ના ઠરાવ મુજબ સ્ટેટ ડીઝાસ્ટર રીસ્પોંસ ફંડ (SDRF)ના ધારાધોરણો મુજબ જે કિસ્સાઓમાં પાકમાં ૩૩% અને ૩૩% કરતા વધારે નુકસાન થાય તો SDRFના ધારાધોરણ મુજબ સહાય મળવાપાત્ર થાય છે.

આમ, રાજ્ય સરકારશ્રી દ્વારા સદર કિસ્સામાં જિલ્લા તંત્ર સાથે સંકલન કરી કાર્યવાહી હાથ ધરાયેલ છે અને તે મુજબ નિયમોનુસાર નુકસાનીની તીવ્રતા ધ્યાને લઈ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવા બાબતે નિર્ણય લેવામાં આવશે.

# રાજ્યમાં પાક પરિસ્થિતી અને વરસાદ અંગેની ટુંકી નોંધ

રાજ્યમાં ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન ૮૨.૧૯ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયેલ, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૭૯.૨૩ લાખ હેક્ટર માં વાવેતર થયેલ છે. જેમાં મુખ્ય ખરીફ પાકો જેવા કે મગફળી પાકનું ૧૯.૦૮ લાખ, કપાસ પાકનું ૨૩.૫૮ લાખ હેક્ટર અને તેલીબિયા પાકોનું ૨૫.૮૮ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૭૯.૨૩ લાખ હેક્ટર એટલે કે ૯૨.૫૭ % માં વાવેતર થયેલ છે.

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ નોંધાયેલ છે. રાજ્યમાં સરેરાશ વરસાદની સામે ૭૨.૮૬% વરસાદ નોંધાયેલ છે. જેમાં ઉત્તર ગુજરાત (પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર) ઝોનમાં ૫૪.૭૩% અને મધ્ય ગુજરાત (અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, મહિસાગર, દાહોદ) ઝોનમાં ૫૬.૭૮%, સૌરાષ્ટ્ર (સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, જામનગર, દેવભુમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ) ઝોનમાં ૮૦.૮૬%, દક્ષિણ ગુજરાત (ભરૂચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ, ડાંગ) ઝોનમાં ૮૬.૮૫%, તેમજ કચ્છ ઝોનમાં ૮૮.૮૪% વરસાદ નોંધાયેલ છે. આમ સાર્વત્રિક વરસાદ થવાને લીધે પાક પરિસ્થિતિ એકંદરે સારી જણાયેલ છે તેમજ મોટાભાગના પાકો વાનસ્પતિક વૃદ્ધિ તથા ફુલ અવસ્થાએ છે.

# રાજ્યમાં વિવિધ કુદરતી આપત્તિઓને કારણે થતાં નુકશાન માટે સહાય ચૂકવવાના ધોરણો બાબતે ટૂંકી નોંધ

- રાજયમાં કુદરતી આપત્તિઓ જેવી કે (૧) ભારે વરસાદ-પૂર (૨) વાદળ ફાટવું (૩) વાવાઝોડુ (૪) દુષ્કાળ (૫) ભૂકંપ/ત્સુનામી (૬) જમીન ધસી પડવી (૭) હિમપ્રપાત (૮) કરાની વૃષ્ટિ (૯) ઠાર અને શીત લહેર (૧૦) જીવાતનું આક્રમણ (૧૧) આગ વિગેરેથી થતાં નુકશાન માટે સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.3 તા.૨૭/૦૪/૨૦૧૫ અને તા.૧૦/૧૦/૨૦૨૩ નાં ઠરાવ અનુસાર સહાય ચૂકવવાના માપદંડો નક્કી કરવામાં આવેલ છે.

- રાજ્યમાં જયારે ઉપરોક્ત જણાવેલ કોઈ કુદરતી આપત્તિથી ખેતીના પાકોને નુકશાન થાય ત્યારે ખેડૂતોને નુકશાન બાબતનો સર્વે સબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ જે તે જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક મારફત કરાવી તેની વાજબી ચકાસણી/ખરાઈ કરાવી સદરહુ ઠરાવના ધોરણો મુજબ મંજૂરી આપી મળવાપાત્ર સહાય લાભાર્થીઓને ચૂકવવાની રહે છે.

- પ્રભાવિત વિસ્તારોમાં ઉપરોક્ત જણાવેલ કુદરતી આપત્તિઓથી પાકને થયેલ નુકશાન બાબતે વિવિધ સર્વે ટીમોની રચના કરી અસરગ્રસ્ત ગામના સરપંચ, તલાટી, સહકારી મંડળીના પ્રમુખ/મંત્રી તેમજ અન્ય આગેવાનો વિગેરેને સાથે રાખી નુકશાનગ્રસ્ત સર્વે નંબર/ખેતરો પર રૂબરૂ સ્થળ નિરીક્ષણ કરી અંદાજીત Eye Estimate પરથી નુકશાનગ્રસ્ત વિસ્તારનો અંદાજ કરી સબંધિત ખેડૂતનો સર્વે નંબર, વાવેતર કરેલ પાક અને અંદાજીત અસરગ્રસ્ત વિસ્તારની નોંધ કરવામાં આવે છે.

- જે ખેડૂતોના પાકને 33% અને તેથી વધુ નુકશાન થયું હશે તેને ઠરાવની જોગવાઈઓ મુજબ સર્વે પૂર્ણ થયા બાદ પ્રાથમિક નુકશાનીના અંદાજો મુજબ કેલેમીટી રીલીફ ફંડ (સી.આર.એફ) નોર્મ્સ અન્વયે જરૂરી કૃષિ ઈનપુટ સહાયની ગ્રાન્ટની માંગણી જીલ્લા કલેકટરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા રાહત નિયામકશ્રી, ગાંધીનગરને કરવામાં આવે છે.
- ગ્રાન્ટ મળ્યા બાદ સબંધિત જિલ્લા તંત્ર દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને કૃષિ ઈનપુટ સહાય ચૂકવવામાં આવે છે.

❖ પાક નુકસાની સહાયના ધોરણો:

❖ **નાના અને સીમાંત ખેડૂતોને ઇનપુટ સબસીડી (૩૩% અને તેથી વધુ નુકશાનના કિસ્સામાં)**

✓ રૂ.૮,૫૦૦/- પ્રતિ હેક્ટર બિન-પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૧,૦૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય)

✓ રૂ.૧૭,૦૦૦/- પ્રતિ હેક્ટર પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૨,૦૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય)

✓ રૂ.૨૨,૫૦૦/- પ્રતિ હેક્ટર બારમાસી પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૨,૫૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય)

❖ **નાના અને સિમાંત સિવાયના ખેડુતો (પાકને ૩૩% અને તેથી વધારે નુકશાનના કિસ્સામાં) (વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં જ સહાય ચૂકવી શકાશે)**

✓ રૂ.૮,૫૦૦/- પ્રતિ હેક્ટર બિન પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં)

✓ રૂ.૧૭,૦૦૦/- પ્રતિ હેક્ટર પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં)

✓ રૂ.૨૨,૫૦૦/- પ્રતિ હેક્ટર બારમાસી પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં)

➢ શહેરી વિસ્તાર માટે જીલ્લા કલેક્ટરશ્રી અને ગ્રામ્ય વિસ્તાર માટે જીલ્લા વિકાસ અધિકારીશ્રીને ઉક્ત સહાય મંજૂર કરી ચૂકવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

# નિયમ-૧૧૬ ની સુચના અન્વયે પ્રશ્ન

**પ્રશ્ન ૧: તાજેતરમાં જુલાઇ માસમાં પડેલ ભારે વરસાદના કારણે જુનાગઢ જિલ્લામાં પાક નુકસાન સર્વેની કામગીરી હાથ ધરાયેલ છે કે કેમ? કુદરતી આપત્તિમાં ખેડૂતોને સહાયરૂપ થવા સરકારશ્રીએ શાં પગલાં લીધેલ છે ?**

**જવાબ:** તાજેતરમાં જુલાઇ માસમાં પડેલ ભારે વરસાદના કારણે જુનાગઢ જિલ્લાના આઠ તાલુકાઓમાં કુલ ૬૪ ટીમોની રચના કરી વિગતવાર પાક નુકસાન સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

કોઇ કુદરતી આપત્તિની ઘટના બને ત્યારે રાજય સરકારશ્રી ખેડૂતોના વિશાળ હિતમાં ખેડૂતોને મદદરૂપ થવા નિયમોનુસારની જોગવાઇઓ મુજબ સહાય કરવામાં આવે છે. સરકારશ્રી દ્વારા ખાસ કિસ્સામાં વિશેષ સહાય જાહેર કરવામાં આવે છે.

# નિયમ-૧૧૬ ની સુચના અન્વયે પ્રશ્ન

**પ્રશ્ન ૨: રાજ્યમાં કઈ કઈ કુદરતી આપત્તિઓથી થતાં પાક નુકશાન માટે ખેડૂતોને સહાય મળે છે?**

**જવાબ:** રાજયમાં કુદરતી આપત્તિઓ જેવી કે (૧) ભારે વરસાદ-પૂર (૨) વાદળ ફાટવું (૩) વાવાઝોડુ (૪) દુષ્કાળ (૫) ભૂકંપ/ત્સુનામી (૬) જમીન ધસી પડવી (૭) હિમપ્રપાત (૮) કરાની વૃષ્ટિ (૯) ઠાર અને શીત લહેર (૧૦) જીવાતનું આક્રમણ (૧૧) આગ વિગેરેથી થતાં નુકશાન માટે સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩ તા.૨૭/૦૪/૨૦૧૫ ની જોગવાઈઓ મુજબ સહાય મળે છે.

## નિયમ-૧૧૬ ની સુચના અન્વયે પ્રશ્ન

**પ્રશ્ન 3: છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં કુદરતી આપત્તિના કારણે થયેલ પાક નુકસાન અંતર્ગત કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?**

**જવાબ:** છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં કુદરતી આપત્તિના કારણે થયેલ પાક નુકસાન અંતર્ગત SDRF માંથી રૂ. ૫૧૪૮/- કરોડથી વધુ સહાય ઉપરાંત રાજય બજેટમાંથી વધારાની સહાય રૂ.૨૦૯૪/- કરોડથી વધુ એમ કુલ ૬૪,૩૮,300 ખેડૂતોને રૂ. ૭૨૪૩/- કરોડની માતબર સહાય ચૂકવેલ છે.

## નિયમ-૧૧૬ ની સુચના અન્વયે પ્રશ્ન

**પ્રશ્ન ૪: કુદરતી આપતિની ઘટનાના કારણે થયેલ પાક નુકસાનીમાં SDRF હેઠળ કેટલી સહાય મળવાપાત્ર થાય છે ??**

**જવાબ:** સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૫ તેમજ તા.૧૦/૧૦/૨૦૨૩ ના ઠરાવ મુજબ સ્ટેટ ડીઝાસ્ટર રીસ્પોંસ ફંડ (SDRF)ના ધારાધોરણો મુજબ જે કિસ્સાઓમાં પાકમાં 33% અને 33% કરતા વધારે નુકશાન થાય તો SDRFના ધારાધોરણ મુજબ નીચે મુજબ સહાય મળવાપાત્ર થાય છે.

❖ **પાક નુકસાની સહાયના ધોરણો:**

❖ **નાના અને સીમાંત ખેડૂતોને ઇનપુટ સબસીડી (33% અને તેથી વધુ નુકશાનના કિસ્સામાં)**

✓ રૂ.૮,૫૦૦/- પ્રતિ હેક્ટર બિન-પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૧,૦૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય)

✓ રૂ.૧૭,૦૦૦/- પ્રતિ હેક્ટર પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૨,૦૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય)

✓ રૂ.૨૨,૫૦૦/- પ્રતિ હેક્ટર બારમાસી પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૨,૫૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય)

❖ **નાના અને સિમાંત સિવાયના ખેડુતો (પાકને 33% અને તેથી વધારે નુકશાનના કિસ્સામાં) (વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં જ સહાય ચૂકવી શકાશે)**

✓ રૂ.૮,૫૦૦/- પ્રતિ હેક્ટર બિન પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં)

✓ રૂ.૧૭,૦૦૦/- પ્રતિ હેક્ટર પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં)

✓ રૂ.૨૨,૫૦૦/- પ્રતિ હેક્ટર બારમાસી પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં)